-पुष्प ६-

गुजराथी-
-शिक्षण-
-माला.

सतारा.

ગુજરાથી–શિક્ષણ–માલાની કૉપીરાઈટ-સંગ્રહ

તેઓશ્રીનેજ ધન્યછે, તેઓજ વદવાયોગ્યછે, તેવોનુજ જન્મ અને જીવીત વખાણુ વાલાયકછે કે જેવો જ્ઞાતિના સુખતી સુખી થાયછે, અને જ્ઞાતિના દુ:ખથી દુ:ખીથાયછે.

માલાનો–સંકલ્પ.—

આપણા વિસાનાગર જ્ઞાતિમા ભાંડુપ્રેમ–એકતા અને શુભઅંકુર સ્ફુરાવવા નિરંતર પ્રયત્નો કરીસું.

विषयानुक्रम.

पृष्ठ.

—÷×÷—

ॐ

ગુજરાથી શિક્ષણ માલા.

તિથી જેષ્ટ શુદ ૧ વાર રવેઉ સંવત ૧૯૭૪

ईश प्रार्थना.

हे अनंत! तारा प्रभावने उपमा नथी. तू सेवामा सेवालेवाने योग्य, गुरुनो पण गुरु, पवित्र पणाने पावित्र आव्युंते तारा पासेथीज, मंगलमा तारापासेथीज मंगल पण, तुं दैवतनु दैव, तुं आविनाशी जगतनो पिता छे; आ जगत तारा पासेती निर्माण थयेलु छे, तेने तुज उत्पन्न करेछे, संभाळे छे, ने तेनो लय पण तारामाज थायछे. तारा सरीखो कोई पण नथी. स्तुतीने करवा योग्य येवो पुरस तुज छे तारा पासे प्रार्थना करीये छीके आमारा जन्म जन्मातरीना अपराधने क्षमाकर, ने आमारा उपर ध्यान राख. मारा मा बाप, सगा, व्हाला, मित्र, तुजछो; सुबुद्धि आप; अमोने सारा मार्गथी हाते धरी लेईजा; तारा कृपा बगर आमो दीनछी, जो तारी आमारा उपर कृपा होयतो अमारा सरीखो बीजो कोई धन्य नथी; तारी भक्ति अमोने लागवादे, तारा गुण वर्णन आ नेहमीनो विषय थवादे, आमारु मन निरंतर तारा पग पासे लीन थवादे.

हे विश्वाधिश! तूं देवनो देव, देवने उत्पन्न करणारो रम्य येवो देव ने तारु रुप जाणवा अशक्य. तूंच एक श्रेष्ट देव, तूंच एक महर्षि कृपाकर ने शुभ स्थिति आप.

—+—

વિવાહના તરંગ

(વામનદાસ પુરશોત્તમદાસ)

’ઉઠો,ઉઠો , ભાઈઓ!ને ચાલો રે જોવા કાલરૂપ
દોડો, દોડો, ભાઈઓ!ને પછે જોવો સંસારરૂપ;
ઉની, ઉની, પૂડીયો,ને બટાટાનુ શાક
ખાવો, ખાવો, ભાઈઓ!લાડવા સુખમાં સાફ!! ૧ !!
“કરો, કરો, બેહેનો!રે મજા,ને થાવો થાવો રે દંગ
કરો,કરો,રે અતિવ્યય,ને ઉડાવો!રે અતિરંગ,
જોવો જોવો નખે રે ભાઈઓ! તમારૂ રે ઘરદાર
કરો કરો રે લગન ને પછે થાવો થાવો રે નાદાર ।।૨ ।।
“વેચો વેચો ભાઈઓ!અખિલ તમારૂં સરવે
ને પુરી પુરાવો ચાલીરીતો લગનની સરવે;
થાવો થાવો નખે રે,ભાવિક કાલમાં ચતુર્ભુજ
ને કરો કરો નખે રે,બેહેનો! અબલાને ચતુર્ભુજા।। ૩ ।।
છોડો છોડો ભાઈઓ!વિવાહની અસુરી રે નાતો
નખે નખે કરો બેહેનો!લગનની દુઃચાલીરીતો;
લાવો લાવો રે ધ્યાનમાં બેહેનો!લગન ને સંસાર
ને કરો કરો રે ભાઈઓ!લગનનો સારાસાર ।। ૪ ।।

શ્રીનાથજી

માતૃભાષા ગુજરાથીજ જોઇયે.

(શેટ ગોવીંદદાસ નારાયણદાસ મુંબઈ)

આપણી માતૃભાષા ગુજરાથી જોઈએ કે મરાઠી જોઈએ એવો એક પ્રશ્ન ભાઈ મનમોહનદાસ લક્ષુમણદાસએ ગુજરાથી શીક્ષણ માલાના પાંચમાં અંકમા ઊઠાવ્યો છે. તે ભાષા મરાઠી જોઈએ એમ સાધારણરીતે દરશાવ્યું છે. વાસ્તવીકરીતે જોતાં આ પ્રશ્ન ઉપસ્થિત થવાનું કાંઈ કારણ નથી,પરંતુ હાલમાં આપણી ભાષા ભાઈ મનમોહનદાસ કહે છે તેમ ખરેખર ધેડગુજરીજ થએલી છે અને તેથી કોઇના મનમાં એવો વીચાર આવવો સાહાજીક છે.આ પ્રશ્નનો નીકાલ કરવા પ્રથમતી આપણે આપણા ભાષાની સ્થીતી બારીકથી તપાસવી જોઇએ. હાલ આપણે બોલીએછી તે શુધ ભાષા નથી,એ વાત તો સ્પષ્ટ છે.તે સાથે એ વાત પણ ખરી છે કે આપણે શુધ મરાઠી પણ બોલી શકતા નહી. ખાસ કરીને પુના, નગર, કરમાળા,ઈંદાપુર તથા નેવાસુ વગેરે ગામની મંડળી શુધ મરાઠી બોલેછે, એમ પણ કહી શકાતુ નઈ.કદાય સતારા તથા મીરજની મંડળી મરાઠી સારૂં બોલી-એછી,એમ માનીએ તો પણ નહી.તેથી આખી માતૃભાષા જ બદલવી એમ કેહવું ધણુ ગેરવાજવી છે.અશુધ મરાઠીતી અશુધ ગુજરાથી હજારગણી સારી એ કોઈ પણ કબુલ કરશે. બીજું એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે પુરૂષો કદાચ મરાઠી બોલી શકે,પણ આપણી સ્ત્રીઓ ગુજરાથી —અર્થાત અશુધ—બોલવું છોડી કેવળ મરાઠી બોલછી, એમ માનવું અસંભવીત છે.

માતૃભાષા એ એવી ચીજ છે કે તેનો અભીમાન પ્રત્યેકને હોય છે. માટે ગમે તેવા પ્રતીકુલ પરીસ્થીતીમાં પણ મહા પ્રયત્ન કરી માતૃભાષા ટકાવી રાખવી એ આપણુ કર્તવ્ય છે.ભાઈ મનમોહનદાસ કહેછે તે ખરૂં છે કે શુધ ગુજરાતી આવવા સારૂ ગુજરાતી નીશાળાઓ નહી. એકંદર મરાઠી બોલણારાઓમાંજ હમેશા ફરવું પડેછે. પણ તેથી આપણે આપણી ભાષા છોડી દેવી એવુ કાંહીં નથી. આપણે ખાનગી ગુજરાથી વર્ગ કાઢવા જોઈએ.જ્યાં સાધારણ વધારે સંખ્યા હોય ત્યા મ્યુનીસીપાલીટીને અથવા શાળાખાતાને સમજાવી ગુજરાથી વર્ગ બોલાવવા પ્રયત્ન કરવોજોઇએ.માબાપોએ છોકરાનેનાનપણુ પાસેથી આ' ગરીબી ગુજરાતી 'ભાષા તરફ પ્રેમ વધારવો જોઈએ.હજી આપણી સ્ત્રીઓ લગ્નાદી મંગલ પ્રસંગે ગુજરાથીમાંજ ગાયછે. તેમને ભણુાવી સુધારણા કરવી જોઇએ. આવીરીતે પ્રયત્ન કરીશું તો જરૂર આપણુ શરમ ભરેલું ભાષાનુ દૈન્ય ઓછુ થશે. ગમે તેવી આપણી ભાષા ઉત્તમ ગણુવી.

'જનની જન્મ ભુમિઃચ સ્વર્ગાદપિ ગરીયસી'

જો જન્મભુમિ સ્વર્ગાદપિ ગરીયસી તો જન્મભાષા પણુ તેમચ હોવી જોઈએ.આપણે સારી શીકવા પ્રયત્ન કરતા નથી એ આપણો દુર્ગુણ ઢાકી આખી ભાષા બદલવી એમ કેહવુ તે હાથે કરી પગ ઊપર પથરો પાડી લેવા જેવુ છે.તેવા વિચારો જેના મનમાં હશે તેઓએ તે વિચારો કાઢી નાખવા એવી અમારી તેઓને નમ્ર વીનંતી છે.બીજું કેટલાકોનુ કેહવું એવુ છે કે ગુજરાથી ભાષાકરતા વધારે મરાઠી સારી છે,

પણ આ તેમનુ કેહવુ તદન ભુલ ભરેલું છે. પ્રથમ તો કોઈ ભાષા બીજા ભાષા કરતાં સારી છે એવુ તો છેજ નહી.બીજું ગુજરાથી ભાષાની આપણે બરાબર ખબર નથી, તેથી આપણ તેમ બોલીએ છી . જે ભાષા બોલનારાઓં મહાત્મા ગાંધી વીગેરે મોઠા પુરૂષો ઊત્પન્ન થયા છી,જે ભાષામાં સરસ્વતી મંદ્ર વીગેરે આખા જગના ઉત્તમમાં ઊત્તમ લાયબરીને પણ દીપનારાં એવા ગ્રન્થો લખાએલા છે,જે ભાષા બોલનારાઓમાં પાછલ રાજાકરણ, દયારામ નર્મદાશંકર,નરસીંહ મેહતા જેવાં પુરૂષો થઈ ગયા તે ભાષા સારી નથી એવુ કેહવુ કેવલ અ-જ્ઞાન છે.ઊપરના અલ્પ વીવેચન ઉંપરથી આપણી ભાષા શુધ કરવાની તથા અગ્નિ હોત્રી પોતાનુ અગ્નિહોત્ર જેમ મહાપ્રયત્ને ગમેતેવા પ્રતિકુલ પરિસ્થીતીમા પણ જાળવા રાંખેછે,તેમ જાળવી રાખવાનો કેટલી જરૂર છે,તે વાંચનારાઓના ધ્યાનમાં આવશે,તથા તે દીશેથી પ્રયત્ન કરવાની કોઈને અર્થાત--સારા પાયા ઊપર—બુધી થશે તો આખા નાતનું મહા કલ્યાણ થશે.

શ્રી નાથજી

મહાજનનનો પાર્લમેંટના દૃષ્ટીથી વચાર

(શહા મનમોહનદાસ લક્ષ્મણદાસ સતારા)

જે માણુસએ મહાજનની કલ્પના કાઢી તે ખરેખર સ્તુતી ને પાત્ર છે. જે માણુસએ આ કલ્પનાને મુર્તસ્વરૂપ આવવા સારૂ પ્રયત્ન કરયો તે વ્યક્તી આદરણીય છે.જે વ્યક્તીએ આ વચારને મુર્તસ્વરૂપ આપ્યું તે વ્યક્તી ખરેખર ધન્ય છે.

મહાજન આ એક ઈંગ્લીશ પાર્લેમેંટ જેવું છે.જેમ પાર્લેમેંટ માં સભાસદ નીવડીને આવેલા હોય છે,તેમ મહાજનમાં છેજ નહી.મહાજનમાં પ્રત્યેક ધરધની સભાસદ હોય છે.પાર્લેમેંટ-માં નીવડીને આવેલી મંડળી આપણામાં અધ્યક્ષ નીવડેછે. અધ્યક્ષ નીવડતી વખતે આ માણુસ એ જગાને પાત્ર છે કે નહી આ ફકત વચાર થાયછે .આ માણુસ શ્રીમંત છે કે નહી એનો વચાર થતો નહી.આપણામાં માત્ર ઉલટુ થાયછે. અધ્યક્ષનો માન ફકત શ્રીમંત માણુસને મળે છે. એ શ્રીમંત માણુસ આ જગાને પાત્ર છે કે નહી, એને જગતનો કાંઈ અનુભવ છે કે નહી, એ આપણુ કામ ઉત્તમ પ્રકારથી કરશે કે નહી,એ તંટાનો નીકાલ નિઃપક્ષ પાતેથી કરશે કે નહી વગેરે નો કોઈ વચાર કરતો નહી. પાર્લેમેંટમાં નીવડીને આવેલી પાર્ટી આપણામાં કામની વીભાગણી કરીન લેયછે.મહાજનમાં બધુંકામ માત્ર ફકત બે ત્રણ શ્રીમંત માણુસ ઉપર સોપેલુ હોય છે. પાર્લેમેંટમાં પેહલા બેઠકમાં પાછેલા વરસના ખરચનો અહવાલ પ્રસીદ્ધ કરીને આગળના વરસનુ અંદાજપત્રકનુ બીલ આગળ આવેછે,પછે એ બીલઊપર વાદવીવાદ થઈન સુધારો થયા પછે બજેટ પાસ થાય છે. મહાજનમાં પાછેલા વરસ નો અહવાલ પ્રસિદ્ધ થતો નહી,પછે આગળના સાલનુ અંદાજપત્રક આવીને ઈનાઊપર વાદવીવાદ થવાની વાત જુદી! પાર્લેમેંટમાં પાછેલા વરસનો અહવાલ થયાથી ગયા વરસમા કેટલો ખરચ વાવગોથયો,કેટલો વાવગો થયો નહી,કેટલી પેદાસછે ખરચ કેટલો છે,શીલ્લક શું છે વગેરેની સમજણુ પડે છે.આગળના સાલનુ બજેટ કરવામાં અનો ધણો ઊપયોગ છે.મહાજનનો અહવાલ બાળને ન આવ્યાલીધે કોઇને શીલક

કેટલી છે,પેદાસ શું છે, ખરચ કેટલો છે, વગેરેની સમજણુ પડતી નથી.જો શિલક વધારે હોય,ખરચથી વધારે પ્રાપ્તી હોય ,તો જ્યા ગુજરાથી નિશાળો નથી, ત્યા નિશાળો ખોલવા અનાથને મદત કરવા, ગરીબને સહાય્ય આપવા શિક્ષણુને ઊતેજન આપવા, વગેરે સત્કાર્યમાં ઊપયોગ કરવા ઠીક થશે

પાર્લમેંટમાં બહુ મતેતી પાસ થયેલા કાયદાની અમલ બજાવણી હોય છે. મહાજનમાં બહુ મતેતી પાસ થયેલા ઠરાવ ની અંમલ બજાવણી થતી નહી.આપણા પ્રથમ પરીષદમાલા ઠરાવો કેટલા ઠેકાણે પ્રચારામાં આવેલા છી તે જુવો! પાર્લટના ને મહાજના નીયમોમા ફરક છે કે પાર્લમેટના નીયમોમા પરિસ્થિતીનુરુપ સુધારણા હોય છે,પણ મહાજનમાં એ થતી નહી દસ વરસ થયા પરિસ્થિતીમાં ઘણું અંતર પડયું તરી પણ નિયમોમા હાલ જેટલી સુધારણા હોવી જોઈએ તેટલી થએલી દેખાતી નહી.પાર્લમેંટની બૈઠક ઠરેલા વખતે ભરેછે ,તેમચ આપણામાં દરબારેશને મહાજન ભેગુ કરવાનો નીયમ છે. ફરક એ છે કે જો પાર્લમેટની મીટીંગ સાંજના છને ભરવાની ઠરી તાં તેચ વખતે ભરેછે, આપણામાંતેમથવાનુ નહી.આપણુ જો બહાર નજર ફરાવી તો એમ જણાવામાં આવશે કે કાંઇ ગામમાં લગન કાર્ય વગર વરસામાં એક વખત મેળવડો થતો નહી; પછેજ્ઞાતીસુધારવાનુ કામ શું થતું હોય તે જુંવો!

પાર્લમેંટને નાણા ગોળા કરવાનો ને એ લોકકલ્યાનમાટે ખરચવાનો અધીકાર છે. મહાજનને લગનવખતે નાણા ભેગા કરવાનો અધીકાર હોય છે. ભેગાથયેલા નાણામાંતી અલ્પ વાડી દુરૂસ્તીમેર જાયછે ને રહેલા શ્રીમંતપાસે વ્યાજતી

મુકેલા હોય છે. જેમ મહાજનને નાણા ગોળા કરવાનો અધી કાર છે,અપરાધ કરયે તો ભેટ કાઢવાની સત્તા છે,એખાદા સ્ત્રીનો પગ ધસારયે તો છળવાનુ શસ્ત્ર પાસે છે,પણ ગરીબને મદત આપવાનુ કામ મહાજનનુ નહી,નીરોદયોગીને ઊદયોગ આપવાનુ કામ નહી, જો માણસ કાંઈ કારણથી ધર્મચ્યુંત થતો હોય તો તેને સુધારવાનું કામ મહાજનનું નહી,સ્ત્રીઓને સુધારવાનુ ,અનાથ વીધવોનું પાલન કરીને તેમને પેટ ભરાવવાનુ કામ મહાજનનું નહી!

જુવો મહાજનની સ્થિતી! મહાજન મહીલા દોષ કાઢી કરો સુધારો. મહાજન આ કૃતીથી પાર્લમેંટ જેવુ થાઈયે આમ શ્રીનાથજીને પ્રાર્થના કરૂછુ.

આ લેખ અલ્પ મતેથી લખેલોછે. જો કાંઈ પ્રમાદ હોય તો વાચક વર્ગ ક્ષમા કરશે એવી હુ સબળ આશા ધારૂછુ

विपत्ति नो वचार.

[लेखक गोपाळ गणेश देवी.]

आ दुःखदायक स्थितीमा आपणी घणी अनावस्था थायछे,ने निराशापण थायछे. माणसने वरखलने लगाडी, तेनी पारख जोशमाटे परमेश्वर ये आ दुःखमय दिवस मुदाम राखेला छे. आम स्थिति जो ना होत तो दुःखी लोकना हाल केम थायछे, ते आपणे बीलकुल समजी शकोत नही. आ दिवस मोटा धर्मेती, सहनशीलथी घलावव, जोईये. उपरला बधा गुण मळावी आपणु मन संतुष्ट ,आनंदी राखी ईश्वर पासे लीन थउ जोईये " आलिया भोगासि असावे सादर"आ- संतना केव्हत मुजब दुःख मा सुख मानी तेमा समाधानती दिवस काढवा

जोईये. दुःखना छेवटे सुख मुकेलुजछे, आम साधारण नेमछे .आपण जो ए अवस्थामा जो सदगुण न मळाव्यातो ,ने आत्मसंयमननी टेव न करी लीधीतो सुख समयमा आपणा हातेथी घणा प्रमाद घडवाने संभव छे. थोडुका सारु कृत्य थायना, पण ते शुद्ध अंतःकरणती करेलु जोईये.

संपती मळी येटले, घणाक लेकोना आखो उपर धुमाडो चढेछे. एवा स्थितिमा आत्म हित केम मळावीये आ बाजु ध्यान न पोचाडता मोज षोखमा मन दोड्या करेछे. दुष्टसंगत वाहाली लागे छे. गमे तेवा अनाचार, सज्जनने छल, अमर्यादीत बोलवुं, खोटा लेकोनीसंगत गमेछे. अनाचार ,सज्जन नो छळ, व्यसननी लालसा, आळस उंघवु ,खोटुबोलउ ,दुष्टवासना ,अने अधर्मनु आचरण आ दुर्गुण जडवाने घणो संभव होय छे. ने जो पछी आपदाना फेरामा आव्यो तो अगदी दीन थाय छे. आम राजानों रंक थयाना दाखला आपणा आगळ जणाय छे. आपण कही कोट्याधीशनी वातो सांभळी हशी पण ते हाल येज सांपतिक स्थितिमा छे के? तेमना वंशज तेमना सरीखा श्रीमान् ने अब्रुदार छे के? ते ओनी वात पण कान उपर आवती नथी!

कोई वखते अगदी सारी स्थितिमा होयेला कुटुंब दुर्दैवती आवी रीते फेरामा आवे छे के, ते माणसना दैन्य अवस्था आपणाती जावरातो नथी. जेटलो मायानो पसारो मळोवेलो होयछे तेटलो ते वखते दुःख ने कारण थाय छे, ने अनाथ सरखो थईने दिनवदन करी रडवा मांडेछे ने दिवस काढेछे. तेमाला कोई माणस वैराग्य धरीने अति गरीबीमा पण सद्गुणथी ने धार्मीक पणाथी दिवस काढेछे पण काहीं लोको आ परमेश्वरये जाणी जोई कोप करेलो छे,एम जाणी तेने

शरण जवाना बलट तेनी निंदा करवा लागेछे. ने धाडे धाडे अधो-गतीने आयछे.व्याधि, अपजय, ने मृत्यु, आ तीनवेरी जो तेना उपर जुवा लाग्या तोपण तेने न जणाता देव गुरूना वचननी आठवण न करता अगदी मुढ थई आपणी वासना पुरी करवा माटे दुष्ट कृत्य क-रवा मांडे छे ने छेवटे केटलाक आपणो देह दुष्ट वासनाने बळी देय छे. खरुं जोता माणसनी स्थिति केटली भयंकर थायछे !

प्रिय भाईयो ! आपणा पुराणो मालो कहीं सत्व शील राज पुरु-षोनी ने साध्वी स्त्रियोनी वातो आपण वाची हशी ने सांभळी हशी, तो आपणा मनउपर तेनो केटलो सात्विक ने आनंदी परीणाम थायछे. धन्य तेमाणस ने धन्य ते आर्यभूमी! हरीश्चंद्र राजा ने तारामतीराणी ने रोहिदास सरखा आटला आपत्तीमा दुःख भोगवा लाग्या.डोंब स-रीखा अंत्यजना तहा माटीना घडाती पाणी भरवुं पडयुं . येवा प्रखर दुर्दैवना फेरामां भोग भोगववा पडया तो पण सत्व , सद्गुण ने धैर्य जरीपण ओछु थवादीधु नथी , तेओये एकटा सर्वेश्वर उपर भरवसो मुकी येवा कडक वखत काढीने पछी जलदी तेना एक निष्ठानु ने दृढभावनानु तथा भक्तीनु फळ ईश्वरये आप्युं तेमज शूर ने सत्यनिष्ट पांडव ना आपदामा साध्वी द्रौपदी साथे १२ वरस वनवास ने एक वरस अज्ञात वास भोगवालाग्यो सार्वभौमराजा छता पण विराटना तहा वेष बदली नोकर तरीके रेहुं पडयुं. तेमज सुकुमार जगद्वंद्य द्रौपदीने पण विराटनी राणी सुदेष्णा तेनु दासीपण करवुं पडयु , येवा दुःख कारक स्थितिमा कीचकना पासेथी तेने त्रास ने अपमान केट-ला सोसवो लाग्यो ते मालेम हसेज. ते छ जणानो श्रीकृष्ण उपर पुर्ण भरंवसो ,ने अढळ प्रेम हतु केटला संकट आव्या तो पण भगवंतने भुल्या नही (" ज्याचा सखा हरी त्यावरी विश्व कृपा करी ")आ-प्रमाणे श्रीकृष्णये तेमना सर्व संकट पोते नीवारी तेमने फरीथी

आनंदना साम्राज उपर बेसाड्युं.

फकत पैाराणीक वातो वाची आपणा मनउपर केटलो असर थाय-छे, ने सदाचरणथी वागवाने केटली उत्सुकता आवेछे! पछे ते सद्गुण पूर्ण आनंदथीज मळ्यातो तें स्थितिनो घणोज आनंद नथीका थणार? सदाचारथी वागवु आ आपणु पेहलु कर्तव्य छे तेना सारा पर्रीणाम मनउपर थवा सारू साधु संतना चरित्र, धर्मग्रंथ, काव्यो ने उपदेश-पर पुस्तक वाचवा आ आपणु कर्तव्यछे. ज्यार सूधी आपण आ स्थितिमा छी त्यारसुधी गृहकृत्य दक्षतेथी करवा जोईये. आपणे जो मोक्ष मळाववो होयतो आपणा पुर्व संचीत प्रमाणे हालमा जोडीदारेण मळेली छे, पछे ते सारी असो वा नठारी असो तेनामा आनंद मानं रहुं, आपणो देह क्षणीक छे, ने आत्मा अविनाशी छे. तेने सुख मळवा माटे आपणे सरखो प्रयत्न करवा जोईये. सगा उपर जरी आ पणु प्रेम होयछे तो ते प्रेम आंधलु छे.जोओ के आपणु आगदी प्रेमी माणस गयु तो आपण शुं करीये छीये? तेनो कहीं दिवस शोक करे-छे पछे तेच तेनी भुल पडती जायेछे.

आपणे जे आ माणस देह प्राप्त थयो छे ते पुर्व सुकृतथी थयोछे. [जैशी स्थिति आहे। तैशापरी राहे। कैातुकतु पाहे संचीताचे ॥] वीपत्ती ने श्रीमंती बफोरनी छायाछे.आपणा पुर्व कर्म प्रमाणे सुखदुःख भोगववा पडेछे. आपणामा दुष्ट कृत्य दुष्ट वचार ने बीजा जातना घ-णाक पातको छे, तेम सुकृतनो ने भक्तिनो साठो बधोर होयतो आ-पण घणा सुखी होईये छी. त्यारे बधाये आपणा मनन वळण आपीये के सत्कृत्य करवा तरफ लगाडवा जोईये. जे साधु संत आटलो त्रास [आपणा नजरथी] सोशीने परमेश्वर प्राप्ती माटे जे प्रयत्न करेछे ते शा सारु? आ अढीयानु सुख आ एकीके छे ते शाश्वत नथी

करीनेंज करेछे. अपणा हातेथी घडीये घडीये अपराध थायछे पण परमेश्वर तेनाबद्दले कोइ ध्यानमा लावतो नथी ने आपणे सारा मार्ग उपर लाववानो धडो आपेछे, तोपण आपण जाणता नथी. त्यारे तेने आपणु दुर्दैव केहुं नहीतो शुं ? जो बधता सदाचारथी चाल्यातो ते कृपालु ने दयाघन परमात्मा आपणा उपर घणी ममता करशे ते कृपासिंधु छे. तेनो वरद हस्त आमारा अज्ञानी माणस उपर रेहवादे.

अवनतीनो कल्लोळ.

गया अंक पासेथी आगळ चालु

धार्मिक तथा औद्योगिक संबंधीं विचार वैचित्र्य थया पछे

महाजननो अव्यवस्थितपणा

शुं छे ये जोइये .महाजन आ आपणी माता छे.ये मातानें दरदिनें वंदन करवा जोईये. कारण के महाजन आ संघशक्ति होवाना लीधे येमा अग्नि छे,आत्मा छे.ये आत्माने एखादा गामना वाका व्यक्तिने वाळीने मुकवा आवशे,अगर एखादा नठारा चाकरीतनें काढीने नाखवा आवशे,जो ये आत्मानें ये माणसनो अक्षम्य अपराध जणा-यो तों येने ज्ञात बहार मुकशे.जों ये संघने साधो अपराध कर्योछे येम वाटयुं तो बेने भेटउपर बधावशे .हालमां आ शक्ति निद्रित थयेली देखाय छे. कारण आ संघशक्तिनो सुव्यवस्थित कारखानो चालु असतांना जे घरमना नियमो तथा लगनना चालीरीतोना बंधनो थयेला छी, तेनी अंमलबजावणी जेम थवा जोइये येम काही हालमां थती नथी.आ संघ अव्यवस्थित चाल्याना लीधे सार्वजनिक हिंशेब चोख रेहता नथी .एखादानु देवुं तथा लेणुं केटलुक छे येनी समजण पडती नथी.अने आ संघ मातानो माल पेहेलो केटलोक हुता.

ने हालमां केम वध्यो वा केम घट्यो येनी भलामण थतीं नथी ज्या महाजन छे,त्या आपण ज्ञातिना दरेक गरीब तथा श्रीमंत भाईओने मान सारखो राखवमा आव्यो जोईये. पण आ विस्कळीत गाडु चाल्याना लीधे दरेक ठेकाणें मानापमाननो प्रश्न आगळ आवेछे पछे येनाथी खाजगी द्वेषना गाऱ्हाणा सार्वजनिक काम चाल्यु असतांना ज्या त्या आडवा आवता होयछी. तेनाथी निसर्गतःआ महाजनना संघशक्तिनी ज्योत मालववा लागी.आ अमासनी रात्र थयी येटले दरेक घरना व्यक्तीये जेम वाटे तेम वागीये;येनें बीजाये कोणताही बाबतमा बोलवानु रेहुं नथी.आपोआप दरेकनें व्यक्तिस्वातंत्र्य मळवा लाग्यु. एवारीते एकमेकमा थयेला संबधथी महाजन मातानाप्रेमनो दुर्विपाक थवा लाग्यो छे.

आपणामा कोई कोई ठेकाणें साटालेटानो व्यवहार मोठाचप्रमाणयीसुरुथवा लाग्येलो छे.जो के ब्रह्मदेवये छोकरीने आपणा पोताना भाईनु तथा पितानु लगन करवासारु बदली जवाने निर्माण कऱ्यु छे. कोई ठेकाणें अंधारामा कन्याविक्रयना पैसा आपीनें कन्या विक्रयना बजारमा मांस आच चलनी नाणुच समजीने दारिद्र्यावस्थाना लीधे साटालेटानोच धंदा करेछे.जेना पासे नाणा रमतां होय तेये लक्ष्मी आपीने पोताने शारिराक लक्ष्मी मळवा सारु अटोकाट प्रयत्न करेछे;येमा कूलनो संबंध नथी,सच्छीलनो संबंध नथी,नातानो संबंध नथी वयमाननो संबध रेहतो नथी.आवा प्रकार चारे गाममा हालमा जेम जेम आपणा हिंदमातानी दरदीने सुधारणा थतीं जायशे, तेम तेम वधारे प्रमाणमा थवा लाग्या छी. भाईओ!तमो आजे केम सोई गयेला छो.आ दरेक गामना संघ माताने आपणी अवनति थयेली केम खपेशे? आ सरेवनें एकच उपाय येटले लगननी चालीरीती आपणा सरवे ज्ञातिभाईओना गामोमा एकच थवा

जोईये.

आईओ! तमारा धार्मिक,व्यावहारिक,महाजनना तथा वैवाहिक बंधनोनी ओहोटी बदले बे शब्द थया पछे तमारी अस्पष्ट

शारीरिक अवनति

केम थती चाली छे येनो विचार करीये. शरीरारोग्यना बाबतमा गया सो वरसना पाछळलो कालमान न जोतां फक्त गया पचीस संवत्सरना पाछळला स्थितीमा जोतां ने सद्यःथितीमा होतकरु तरुण पीढीना शारीरिक शक्तिमा तथा डोसा माणसना आयुर्मर्यादामा खास अवनति थयेली देखाशे.कारण जेम एखादा खेतरमा तमो वर्षो-नुवर्ष खात न नाख्यु तो ने येनी व्यवस्था न राखी तों ये क्षेत्रमालो पाक प्रतिसंवत्सरे ओछो ओछो,आवीने शिवाय ओछो कसदार निकळतो जायछे;ये जेम तमोने मालेम छे,तेमच आपणा देहयष्टीने जो पुसतु खावा आपीने,तालीम, नमस्कार, क्रिकेट वगैरे सरवे प्रकारथी मेहनत —मशागत आ शरीरनी न करी तों तमारा शरीरनो पुरो बांधो,तथा हाडनो 'कणखरपणाही' रेहतो जवानो नथी. माटे जो शरीरसंबंधी काळजी लेईने मेहनत करी तों आपणा साडा त्रण हातना देहना नाडीओ मा ने शिरोमा वधता प्रमाणथी ताजु ने शुध रगत रमतु जाईने उंचीनी तथा छातीना रुंदीनी वधती वाढ थती जायशे;अने हालमा जेम आपणे पोताने मालेम न पडता अशक्त खुजा थावोछे,तेम येनाथी थवाना नथी.तेमच हालमां तरुण स्त्रीओना अशक्त शरीरो होवानालीधे ऋतुदर्शन (maturity)पचीस वरसना पाछळला स्त्रीओ सारखु तेच वयमानमा निकोप न थता आगेमथी प्राप्त थाईने निस्सत्व रेहशे. येनाथी येमना शरीरनी पूर्ण वाढ थती नथी ने आवणारी भावी पिढी खुजी, अशक्त, रोगट निसर्गतः निपजती जायशे;अने बीजु ये माता

ओनी प्रकृति सुद्धां दश पांच वरसमां मंदवाडमां आईने [illegible]रोगमां गणना थायशे.

जेम दरेक माणसने दर दिवसे खावा लागेशे,तेम हालमां प्रतिवर्षे प्लेगना सारखा रोगना साडेसातीनें पोताना सराईना हंगाममा कांई तरूण तथा तरूणीओ बळी आपवाच लागीशी. तमो वेपारीना बच्चा होवाना लीधे तमारु पेट दलालीना हात उपरलु थयेलु छे, अने येमां तमारा दुर्दैवथी घरमालो नेतो श्रीचरणीं गयो येटले येना पाछळ येना घरनो वेपार डुबीने जायशे.वेपारना टुका नफा उपर रहेला पेटनी खळगानी व्यवस्था पासे असेला मुळना पैशाथी केम तरी भरावानी थाय छे, आवा रीते मरीबीथीही पण शरीरना हाल थाईने आयुमर्याद ओछी थायछे. आ अशक्तपणाथीज पुरूष तथा स्त्री वरगने भुसार मालना पोता उचलवा सारु तथा धरमां दळवा खांडवा सारु हालमां मोलमजुरीना माणसनी अवश्यकता भासवा लागीशे.

जेम एखादा झाडने बीजाच हंगाममा फुलनो भार आव्यो येटलो ये फुलमालो वास ओछा थयलो जणायछे,तेमच अकाली आत्व दशा प्राप्त थई येटले येमालो कस, जोम तथा परिपक्वतानुरूप ओछु थयेलु खास जणाशे.आपणा स्त्रीपुरूषो अशिक्षित होवाना लीधे येमनो नैसरागिक नठारो स्वभाव कायम रेहेछे;ने येमनें शरीर संबंधी 'शास्त्रीय माहिती'न होवाना लीधे शरीरना बाबतमा मनमुरात वागीशी; तथा अकाली व्यभिचारही करीशी.आ शरीर मशीन [यंत्र] छे.आ शरीर घड्याळ छे;येमने किल्ली (चावी वगेरे)आपीने जेम राखशो,तेम रेहशे जेम रिपेअर (दुरूस्त)करशो,तेम तालीम वगेरेना खेळ करीने शरिरनो बांधोही बळकट बनशे.

आ संसारशकट चालावा सारु दरेक स्त्रीपुरूषने हालमा मोंगाई चालु.

असतांना टुंका नफा उपर न रेहवा अ.०थ। लिधे काळजी सारखो महारोग लाग्येलो जणाशे.दरेकेनु मोडु निस्तेज थयेलु देखाशे.आ काळजीनोच रोग छ,जवि लेणारो रोग छे.कारण आपण जेम मन राखीये तेम शरीर रेहशे;आ रोगथी अकाली मृत्युसंख्यानी नोंध घणीच थयेली देखाय छे.

आ शरीरनी अवनति अगम्य रीतीथी थती चालेली छे. तमारामा कोई सँडो थयेलो छे का? कोई राममूर्ति थयेलो छे का? कोई मिस ताराबाई थयेली छे का? कोइये शररि सुधारवासारु काळजी लेईने शरीर सुधारेलु छे का?जेम तमारा वेपारनो वधतो नफो येटले तमारु वधतु धन छे,तेमच तमारु वधतु शरीर येटले तमारू अखंड धन छे कारण शरीर छे,तो तमारु जग छे.माटे भाईसाहेब!'शरीरमाद्यं खलु धर्मसाधनं 'राखवासारु अक्षय्य प्रयत्न करो. अपूर्ण

अभिप्राय — " आपणे कांई करवुं छे? " आ नाहानी चोपडी सुरत वाला भाई डाह्याभाई नवलराम शाहए आपणा ज्ञातिना हित सारु ने ज्ञातिना स्तितीनु सुक्षम रीतेथी अवलोकन करेलु छे. गया वरसमा पेहली परीषदमा सुधारणाना ठराव कऱ्या हता, पण येठरावनी चारेगाम अमल बजावणी हर्जा सुधी थएली जणाती नथी. 'बोलउं सेहलु नें करउं कठण' ए केहवत सरीखी वात थईछे. डिरेकटरीनी जरुरी, रोटी तथा बेटीव्यहार केळवणी, विधवाश्रम वगैरे माटे फंडनी जरुरी केटलीछे, बोर्डिंग हाउस तथा विद्यार्थिना फीनी तथा चोपडीयोने मदत, ने ज्ञाति भाईआना दुकाननी सुधारणा ने तेओये छेवटमा आपणा सारा वचार प्रगट कऱ्याछी, ते ओना कह्या मुजब बजावणी थसे ते दिवस सोना सरीखो समजवो.आ सुधारणा आमलमा लाववा सारु तन, मन, धनथी आपण ज्ञातीनी सेवा करवा जोईये, चोपडी वाचवा सरखी छे.

लवाजम.

गांमना लोकोनें वार्षीक न्योछावर १८२
एजंट मार्फत... ... ... १८४
व्ही. पी. टपाल हांशीलसह ... १८१०

किरकोळ अंकनी किंमत ८३

जाहेरखबरना भाव.

आखा एक पाननें	मास १२	रु०	१२, आ०	०
आर्धा पाननें ...	मास १२	रु०	७ आ०	०
फुल पेजनें ...	मास १	रु०	२ आ०	०
दर लीटीनें ...	मास १	रु०	० आ०	१

झाती बांधवना पासेथी भाव बदले सवलतथी लेवामा आवशे.

सुचना:—गुजराथी शिक्षण-मालानों अंक नहीं मळेतो ८ दिवसना अंदर कागळ लखेतो मोकलवामा आवशे. आपणु ठेकाणु बदलेलू हसेतो खुलासो करवो.

व्यवस्थापकः—गुजराथी शिक्षण-माला,
सतारा.

हें पुस्तक दत्तात्रय रामचंद्र चितळे यानीं सातारा भवानी नं. १०७ येथें आपल्या 'शुभसूचक' प्रेसमध्यें छापिलें आणि गुजराथी शिक्षण मंडळाकरितां गोपाळ गणेश देवी यांनीं महाजनवाडी मंगळवार नंबर १९० सातारा येथें प्रसिद्ध केलें.

" " બુક પોષ્ટ રૂ૦ ૧ આ૦ ૧૦

શ્રીયુત રા૦ રા૦ ________________

ઠેકાણુ ગામ

IF NOT DELIVERED PLEASE RETURN:—

THE GUJARATHI SHIKSHANA MALA.

Mungalwar Peth.

SATARA CITY.